Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 2
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 90
Roll No. : ____________

---

1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 18)

1. આદિમાનવોનું જીવન કેવું હતું?
   A. ભટકતું જીવન
   B. સ્થાયી જીવન
   C. નગર વસાહતનું જીવન
   D. ગ્રામીણ વસાહતનું જીવન
2. આદિમાનવો શિકાર કરવા માટે ક્યા સાધનનો ઉપયોગ કરતા નહોતા?
   A. બંદૂક B. પથ્થરનાં હથિયારો C. હાડકાંનાં હથિયારો D. લાકડાંનાં હથિયારો
3. ભીમબેટકા ક્યા રાજ્યમાં આવેલું છે?
   A. મધ્ય પ્રદેશમાં B. ગુજરાતમાં C. બિહારમાં D. ઉત્તર પ્રદેશમાં
4. સ્થાયી જીવનથી આદિમાનવે કેવી પ્રવૃત્તિઓ શરૂ કરી નહોતી?
   A. કૃષિ B. પશુપાલન C. અનાજ સંગ્રહ D. ઉદ્યોગ
5. આદિમાનવ એટલે ..,
   A. ભટકતું જીવન જીવતા માનવીઓ.
   B. શિકાર કરીને જીવન જીવતા માનવીઓ.
   C. ખૂબ જ જૂના સમયના માનવીઓ.
   D. આપેલ તમામ
6. માનવીને કઈ અવસ્થાને Hunter and Gatherers (શિકાર કરવો અને એકઠું કરવું) કહેવામાં આવે છે?
   A. આદિમાનવની અવસ્થાને
   B. સ્થાયી માનવીની અવરથાને
   C. સિંધુખીણના માનવીની અવસ્થાને
   D. વૈદિયુગના માનવીની અવસ્થાને
7. આદિમાનવોના ખોરાકમાં કઈ વસ્તુનો સમાવેશ થતો નથી?
   A. પ્રાણી અને પક્ષીઓનાં માંસ
   B. કંદમૂળ
   C. ફળો
   D. અનાજ
8. આદિમાનવો કયાં પ્રાણીઓને શોધવા એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા રહેતા?
   A. વાઘ અને સિંહ
   B. હાથી અને ગેંડા
   C. હરણ અને ઘેટાં-બકરાં
   D. ડાયનાસોર અને ગેંડા
9. ભારતમાં આદિમાનવોનાં વસવાટનાં સ્થળો શોધવામાં કોનો સમાવેશ ન કરી શકાય?
   A. અમલદારો
   B. પુરાતત્ત્વશાસ્ત્રીઓ
   C. નૃવંશશાસ્ત્રીઓ
   D. ઇતિહાસકારો
10. શિકારી અને ભટકતું જીવન જીવતા આદિમાનવના સમયને કયો યુગ કહેવામાં આવે છે?
    A. લોહયુગ B. પાષાણ યુગ C. તામ્રયુગ D. આદિયુગ
11. આદિમાનવ કઈ ટેકનોલૉજી સાથે સંકળાયેલો હતો?
    A. ઈલેક્ટ્રિક B. યાંત્રિક C. લોખંડની D. પથ્થરની

BHAVDIP VADHER

12. મધ્ય પ્રદેશમાં આદિમાનવોના વસવાટ માટેનું ક્યું સ્થળ મળી આવ્યું છે?
A. ઇનામગામ B. ભીમબેટકા C. બુર્જહોમ D. લાંઘણજ

13. આદિમાનવ પથ્થરનો ઉપયોગ કરતો હતો. તેમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી
A. વનસ્પતિ કાપવા માટે
B. પ્રાણીઓને ચીરીને ચામડી કાઢવા માટે
C. પ્રાણીઓનાં ચામડાનો શરીરને ઢાંકવા માટે
D. ઘરના સુશોભન માટે

14. વરસાદ અને જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા આદિમાનવ કેવી ગુફામાં રહેતો?
A. પ્રાકૃતિક ગુફામાં B. બહુમાળી મકાનમાં C. સિમેન્ટના મકાનમાં D. માટીનાં છાપરામાં

15. આદિમાનવ અગ્નિથી પરિચિત હશે! એવું કયા અવશેષોના આધારે કહી શકાય?
A. અગ્નિનાં ચિત્રોના આધારે
B. રાખના અવશેષોના આધારે
C. હાડકાંના અવશેષોના આધારે
D. પથ્થરનાં હથિયારોના અવશેષોના આધારે

16. દક્ષિણ ભારતમાં કઈ ગુફામાંથી રાખના અવશેષો મળ્યા છે?
A. કરનુલ B. બુર્જહોમ C. હલુર D. ભીમબેટકા

17. કેટલાં વર્ષ પહેલાં આદિમાનવ અગ્નિનો ઉપયોગ કરવા લાગ્યો હતો?
A. 10,000 વર્ષ B. 11,000 વર્ષ C. 12,000 વર્ષ D. 15,000 વર્ષ

18. આદિમાનવના જીવનમાં પરિવર્તન લાવનારી બીજી કઈ શોધ હતી?
A. ચક્ર( પૈડુ )ની B. દૂરબીનની C. સ્ટીમરની D. ખેતીની

19. માનવીના સ્થાયી જીવનનો પ્રથમ સાથીદાર કોણ હતો?
A. બળદ B. હાથી C. કૂતરો D. ગાય

20. માનવ સ્થાયી જીવન જીવતો થયો ત્યારે શરૂઆતમાં જ્યાં રહેઠાણોમાં રહેતો હતો?
A. પથ્થરની ગુફામાં
B. ધાબાવાળાં મકાનમાં
C. તંબૂમાં
D. ગાર-માટી અને પાસના મકાનમાં

21. શરૂઆતમાં આદિમાનવ ખેતીની સાથે બીજા કયા વ્યવસાય સાથે સંકળાયો?
A. માટીકામ B. વણાટકામ C. પશુપાલન D. ગૂંથણકામ

22. કઈ બે પ્રવૃત્તિઓએ આદિમાનવને સ્થાયી જીવન તરફ પરિવર્તિત કર્યા?
A. ખેતી અને પશુપાલન
B. શિકારી અને ચોકીદારી
C. વળાવીયા અને રખેવાળી
D. સવારી અને ખલાસી

23. સ્થાયી થયેલા આદિમાનવમાં આવેલા વ્યાપક પરિવર્તનમાં કઈ બાબતનો સમાવેશ ન કરી શકાય?
A. ખોરાક B. પોશાક C. રહેઠાણ D. શિક્ષણ

24. પથ્થરમાંથી બનાવેલાં ખેતીના ઓજારોમાં કયા ઓજારનો સમાવેશ થતો નથી?
A. ખૂરપી B. હળ C. છીણી D. દાતરડું

25. મેહરગઢ હાલ ક્યાં આવેલું છે?
A. ભારતમાં B. પાકિસ્તાનમાં C. અફઘાનિસ્તાનમાં D. નેપાલમાં

26. મેહરગઢમાંથી કોના અવશેષો મળી આવ્યા છે?
A. માનવવસાહત અને ગેંડાના
B. ભેંસ, બળદ અને ઓજારના
C. ઘઉં, જવ, ઘેટાં-બકરાં, પથરનાં ઓજારોના
D. ચોખા અને પ્રાણીઓનાં હાડકાંના

BHAVDIP VADHER

27. બિહારના ક્યા પુરાતન સ્થળેથી ભેંસ, બળદ અને ઓજારના અવશેષો મળ્યા છે?
A. ચિરાંદથી B. બુર્જહોમથી C. કોલ્ડિહવાથી D. મહાગઢથી

28. પુરાતત્ત્વશાસ્ત્રીએ શોધેલા પાષાણ યુગનાં પુરાતન સ્થળોમાં કોનો સમાવેશ થતો નથી?
A. બુર્જહોમ B. ધોળાવીરા C. મેહરગઢ D. લાંઘણજ

29. પુરાતન સ્થળેથી મળી આવેલાં પથ્થરનાં તીક્ષ્ણ ઓજારો ક્યા કાર્યમાં વપરાતાં હશે?
A. ગૃહશોભામાં B. પૂજા માટે C. કૃષિકાર્ય માટે D. આપેલ પૈકી એક પણ નહિ

30. ઇનામગામ ભારતના ક્યા રાજ્યમાં આવેલું છે?
A. ગુજરાતમાં B. મહારાષ્ટ્રમાં C. બિહારમાં D. રાજસ્થાનમાં

31. ઇનામગામમાં કેવા આકારનાં ઘર મળી આવ્યાં છે?
A. ત્રિકોણ B. ચોરસ C. લંબચોરસ D. ગોળ

32. નર્મદા નદી કઈ પર્વતમાળામાંથી પસાર થાય છે ?
A. હિમાલયની પર્વતમાળામાંથી
B. સુલેમાન પર્વતમાળામાંથી
C. વિંધ્ય પર્વતમાળામાંથી
D. અરવલ્લી પર્વતમાળામાંથી

33. નીચે આપેલ પુરાતન સ્થળ અને તેમાંથી મળી આવેલા અવશેષોનું કયું જોડકું ખોટું છે?
A. મેહરગઢ – ઘઉં-જવની ખેતી
B. ધોળાવીરા - રાખના અવશેષો
C. ઇનામગામ - બાળકોના મૃતદેહોના અવશેષો
D. લાંઘણજ – માનવવસાહત અને ગેંડો

34. પુરાતત્ત્વવિદોને મળેલા અવશેષોમાં કઈ વસ્તુ નહોતી ?
A. અનાજના દાણા B. પશુઓનાં હાડકાં C. રમકડાં. D. ખેતીના ઓજારો

35. ઘાસનાં ક્ષેત્રો ઊભાં થવાથી ક્યાં પ્રાણીઓની સંખ્યામાં વધારો થયો ?
A. હિંસક પ્રાણીઓ B. મહાકાય પ્રાણીઓ C. તૃણાહારી પ્રાણીઓ D. જળચર પ્રાણીઓ

36. આદિમાનવના સ્થાયી જીવન માટે નીચેનામાંથી કઈ બાબત જવાબદાર નથી ?
A. ખેતીની શરૂઆત થવાથી.
B. પશુઓ સાથે સમાયોજન શરૂ થવાથી.
C. ગારા-માટી અને ઘાસનાં રહેઠાણો ઊભાં થવાથી,
D. એક જગ્યાએ ગૃહઉદ્યોગો શરૂ કરવાથી.

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 10)**

37. આદિમાનવો ............., હાડકાં અને લાકડાંનાં હથિયારોનો ઓજારો તરીકે ઉપયોગ કરતા.
38. આદિમાનવો ............... અને પ્રાણીઓનાં ચામડાંનો પોતાનું શરીર ઢાકવા ઉપયોગ કરતા.
39. વરસાદ અને જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા આદિમાનવ............ ગુફામાં રહેતો હતો.
40. મધ્ય ભારતમાં ................પર્વતમાળામાં કુદરતી ગુફાઓ મળી આવી છે.
41. ભીમબેટકાની ગુફાઓમાંથી આદિમાનવે દોરેલાં લગભગ ........... જેટલાં ચિત્રો મળી આવ્યાં છે.
42. લગભગ ........... વર્ષો પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવ્યું હતું.
43. આદિમાનવો ઝાડનાં થડ અને તેના જાડા લાકડામાંથી ............. બનાવતાં શીખ્યા હતા.
44. આદિમાનવો ધાન્ય ઉગાડવા ................. નો ઉપયોગ કરતા હતા.
45. આદિમાનવો ............. ની આસપાસ ધાન્ય ઉગાડતા હતા.
46. અનાજનો સંગ્રહ કરવા આદિમાનવે માટીનાં ............. બનાવવાની શરૂઆત કરી હતી.
47. શરૂઆતમાં આદિમાનવ ખેતીનાં ઓજારો ............. માંથી બનાવતો હતો.
48. ઘઉં, જવ અને ઘેટું-બકરાંનાં હાડકાંના અવશેષો હાલના પાકિસ્તાનમાં આવેલા ............ માંથી મળી આવેલા છે.
49. કોલ્ડિહવા પુરાતન સ્થળ ............ રાજ્યમાં આવેલું છે.

BHAVDIP VADHER

50. ઉત્તર પ્રદેશના ...........માંથી ચોખા, ઘેટાં-બકરાં અને પથ્થરનાં ઓજારોના અવશેષો મળી આવ્યા છે.
51. ગુજરાતના ----------માંથી માનવવસાહતો અને ગેંડાના અવશેષો મળી આવ્યા છે.
52. બુર્જહોમ અને ગુફક્રાલ પુરાતન સ્થળો ............. રાજ્યમાં આવેલાં છે.
53. .............ને પ્રાચીન ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણી શકાય.
54. આદિમાનવોએ -------- ઘરોમાં અનાજ સંગ્રહ કરવાના કોઠાર બનાવ્યા હતા.
55. મહારાષ્ટ્રના ------- માંથી બાળકોના મૃતદેહના અવશેષો મળી આવેલ છે.

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 13)**

56. સ્થાયી જીવન શરૂ થતાં આદિમાનવે હિંસક પ્રાણીઓ પાળવાનું શરૂ કર્યું.
57. પાષાણ યુગમાં પથ્થરના હથિયારોનો ઉપયોગ થતો હતો.
58. ભીમબેટકામાં આદિમાનવે સિંહ અને વાઘનાં ચિત્રો દોરેલાં છે.
59. ભીમબેટકાની ગુફાઓમાં પ્રાકૃતિક રંગથી ચિત્રો દોરેલાં છે.
60. આદિમાનવો પ્રાચીન સમયમાં સ્થાયી જીવન જીવતા હતા.
61. ભટકતા જીવન જીવતા આદિમાનવીને શિકારી કહેવામાં આવતો હતો.
62. શિકારી અને ભટકતું જીવન જીવતા આદિમાનવના સમયને 'લોહયુગ' કહેવામાં આવે છે.
63. વરસાદ અને જંગલી પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરવા આદિમાનવો પ્રાકૃતિક ગુફાઓમાં રહેતા હતા.
64. ઈજનેરોએ આદિમાનવના વસવાટનાં સ્થળો બનાવ્યાં હતાં.
65. આદિમાનવો લોખંડનાં ઓજારોનો ઉપયોગ કરતા હતા.
66. આદિમાનવો શરીરને ઢાંકવા કાપડનો ઉપયોગ કરતા હતા.
67. આદિમાનવોએ ગુફાઓની ભીંતો પર ચિત્રો દોર્યા હતાં.
68. શરૂઆતમાં આદિમાનવો માટીનાં મકાનોમાં રહેતા હતા.
69. અગ્નિની શોધ એ માનવજીવનની ક્રાંતિકારી શોધ છે.
70. ઉત્તર ભારતમાં કરનુલમાં આદિમાનવોની ગુફાઓ મળી આવી છે.
71. 5000 વર્ષ પહેલાં માનવી અગ્નિનો ઉપયોગ કરતો હતો.
72. આદિમાનવ લોખંડમાંથી ચક્ર (પૈડું) બનાવતો હતો.
73. ઘાસનાં ક્ષેત્રો ઊભાં થવાથી તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધવા લાગી.
74. તૃણાહારી પ્રાણીઓની રીતભાતોના અભ્યાસ કરવાથી આદિમાનવનો માનસિક વિકાસ થયો.
75. આદિમાનવો ઊંચા પર્વતો ઉપર ધાન્ય ઉગાડતા હતા.
76. ખેતીની શરૂઆત થતાં આદિમાનવ ક્રમશઃ સ્થાયી જીવન જીવવા લાગ્યો.
77. આદિમાનવો દૂધ માટે પશુઓ પાળતા હતા.
78. આદિમાનવો ખેતીનાં ઓજારો પથ્થરોમાંથી બનાવતા.
79. આદિમાનવો ધાતુનાં વાસણોમાં રસોઈ બનાવતા.
80. મેહરગઢના લોકો ગોળાકાર ઘરોમાં રહેતા હતા.
81. ઇનામગામના લોકો બાજરી અને જવ પકવતા હતા.

**4 જોડકા જોડો** **(Marks - 1)**

BHAVDIP VADHER

82. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ઘઉં, જવ, ઘેટાં-બકરાં અને પથ્થરનાં ઓજારો | (1) લાંઘણજ (ગુજરાત) |
| 2. | ચોખા અને પ્રાણીઓનાં હાડકાં | (2) ચિરાંદ (બિહાર) |
| 3. | માનવવસાહતો અને ગેંડો | (3)કોલ્ડિહવા (ઉત્તર પ્રદેશ) |
| 4. | ઘઉં, મસૂર, કૂતરાં અને ખાડાવાળાં | 4) મેહરગઢ ( હાલ પાકિસ્તાન) |
| 5. | ભેંસ, બળદ અને ઓજારો | (5)બુર્જોમ અને ગુફક્રાલ (કશ્મીર) |

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 19)**

83. આદિમાનવ કેવા પાકો ઉગાડતા હતા?
84. આદિમાનવો કેવાં પશુઓ પાળતા હતા?
85. આદિમાનવની શરૂઆતની અવસ્થાને શું કહેવામાં આવે છે?
86. આદિમાનવો ખોરાક કેવી રીતે મેળવતા?
87. આદિમાનવ એક જગ્યાએથી બીજી જગ્યાએ શા માટે ભટકતો રહેતો હતો ?
88. ભારતમાં આદિમાનવનાં વસવાટનાં સ્થળો કોણે શોધી કાઢ્યાં હતાં?
89. ભટકતા જીવન દરમિયાન આદિમાનવ ફળો અને કંદમૂળ વિશે જાણકારી મેળવતો શાથી થયો હતો?
90. આદિમાનવો કેવાં હથિયારો અને ઓજારોનો ઉપયોગ કરતા હતા?
91. આદિમાનવો કેવાં હથિયારો અને ઓજારોનો ઉપયોગ કરતા હતા?
92. પાષાણયુગીન હથિયારોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવતો?
93. આદિમાનવો કેવાં સ્થળોએ રહેવાનું પસંદ કરતા?
94. ભીમબેટકાની ગુફાઓમાં કેવાં અને કેટલાં ચિત્રો મળી આવ્યાં છે ?
95. વિંધ્ય પર્વતમાળામાં કઈ નદીની આસપાસના પ્રદેશોમાંથી પ્રાકૃતિક ગુફાઓ મળી આવી છે?
96. આદિમાનવો અગ્નિથી પરિચિત હશે એવું કઈ રીતે કહી શકાય?
97. આદિમાનવના જીવનમાં કઈ બે શોધોએ મહત્ત્વનું પરિવર્તન કર્યું?
98. આદિમાનવ અગ્નિનો કયો કયો ઉપયોગ કરતા હતા ?
99. આદિમાનવ સૌપ્રથમ ચક્ર (પૈડું) બનાવતાં કેવી રીતે શીખ્યો હતો ?
100. વાતાવરણમાં પરિવર્તન આવતાં કયાં પ્રાણીઓની સંખ્યા વધવા લાગી હતી ?
101. વિશ્વમાં વૃક્ષો, વનસ્પતિ અને ઘાસનાં ક્ષેત્રો કેવી રીતે ઊભાં થયાં? .
102. આદિમાનવ ધાન્ય ઉગાડવા શેનો ઉપયોગ કરતો હતો?
103. ગુફાવાસી જીવન પછી આદિમાનવ કેવાં મકાનોમાં રહેતો હતો?
104. આદિમાનવ કેવાં પાલતુ પ્રાણીઓ સાથે રહેતો હતો ?
105. કઈ પ્રવૃત્તિઓના કારણે આદિમાનવના ભટકતા જીવનનો અંત આવ્યો?
106. ભટક્તા જીવનના અંત પછી આદિમાનવના જીવનમાં શામાં પરિવર્તન આવ્યાં?
107. આદિમાનવ પથ્થરમાંથી ખેતીનાં ક્યાં ઓજારો બનાવતો હતો ?
108. પુરાતત્ત્વશાસ્ત્રીઓએ આદિમાનવની વસાહતોનાં કયાં કયાં સ્થળો શોધ્યાં હતાં?
109. સ્થાયી થયેલા આદિમાનવનો ખોરાક શો હતો?
110. કયાં પુરાતન સ્થળોના અવશેષોના આધારે આદિમાનવની ખેતીની માહિતી જાણવા મળે છે?
111. મેહરગઢ હાલ ક્યાં આવેલું છે?
112. બાળકોના મૃતદેહોના અવશેષો ક્યાંથી મળી આવ્યા છે?
113. મેહરગઢમાં મળી આવેલાં ઘરો કેવાં હતાં? તે ઘરોમાંથી શું મળી આવ્યું છે?
114. મેહરગઢમાં મળી આવેલાં ઘરો કેવાં હતાં? તે ઘરોમાંથી શું મળી આવ્યું છે?
115. આદિકાળમાં મનુષ્યના શબની સાથે બકરીને દફનાવવાનો પુરાવો કઈ માન્યતા સૂચવે છે?

BHAVDIP VADHER

116. ઇનામગામના અવશેષોના આધારે ત્યાંના લોકોના જીવન વિશે શું કહી શકાય?
117. ભીમબેટકાની ગુફા ક્યાં રાજ્યમાં આવેલી છે?
118. પારિભાષિક શબ્દોની સમજૂતી આપોઃ પાષાણ યુગ
119. પારિભાષિક શબ્દોની સમજૂતી આપોઃઆદિમાનવ
120. પારિભાષિક શબ્દોની સમજૂતી આપોઃપુરાતત્વશાસ્ત્રીઓ

**6 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** (Marks - 8)

121. સ્થાયી જીવન માટેની જરૂરિયાત શા માટે ઊભી થઈ?
122. અગ્નિના ઉપયોગથી આદિમાનવના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું?
123. આદિમાનવ શા માટે ભટકતું જીવન જીવતો હતો?
124. આદિમાનવ કયાં કયાં ઓજારો બનાવતો હતો? એ ઓજારોનો તે ક્યાં ક્યાં ઉપયોગ કરતો હતો?
125. એક પુરાતન સ્થળ તરીકે ભીમબેટકાનો પરિચય આપો.
126. આદિમાનવ પ્રાણીઓનો ઉપયોગ કેવી રીતે કરતો હતો?
127. આદિમાનવો પ્રાકૃતિક ગુફાઓમાં રહેતા હતા.
128. આદિમાનવના સમયને પાષાણ યુગ કહેવામાં આવે છે.

**7 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** (Marks - 9)

129. એક પુરાતન સ્થળ તરીકે મેહરગઢનો પરિચય આપો.
130. આદિમાનવ ભટકતું જીવન જીવતો હતો.
131. અગ્નિના ઉપયોગથી આદિમાનવના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું.

**8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** (Marks - 10)

132. વાતાવરણમાં પરિવર્તન આવવાથી આદિમાનવોના જીવન પર શી અસરો થઈ?
133. ભારતમાં ખેતીની શરૂઆત આદિમાનવના સ્થાયી જીવન માટે કારણરૂપ બની.

**9 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** (Marks - 2)

134. ટૂંક નોંધ લખો : બદલાતું પર્યાવરણ

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 2

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 90

## 1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 18)

1. ભટકતું જીવન
2. બંદૂક
3. મધ્ય પ્રદેશમાં
4. ઉદ્યોગ
5. આપેલ તમામ
6. આદિમાનવની અવસ્થાને
7. અનાજ
8. હરણ અને ઘેટાં-બકરાં
9. અમલદારો
10. પાષાણ યુગ
11. પથ્થરની
12. ભીમબેટકા
13. ઘરના સુશોભન માટે
14. પ્રાકૃતિક ગુફામાં
15. રાખના અવશેષોના આધારે
16. કરનુલ
17. 11,000 વર્ષ
18. ચક્ર( પૈડુ )ની
19. કૂતરો
20. ગાર-માટી અને પાસના મકાનમાં
21. પશુપાલન
22. ખેતી અને પશુપાલન
23. શિક્ષણ
24. હળ
25. પાકિસ્તાનમાં
26. ઘઉં, જવ, ઘેટાં-બકરાં, પથરનાં ઓજારોના
27. ચિરાંદથી
28. ધોળાવીરા
29. કૃષિકાર્ય માટે
30. મહારાષ્ટ્રમાં
31. ગોળ
32. સુલેમાન પર્વતમાળામાંથી
33. ધોળાવીરા - રાખના અવશેષો
34. રમકડાં.
35. તૃણાહારી પ્રાણીઓ


BHAVDIP VADHER

36. એક જગ્યાએ ગૃહઉદ્યોગો શરૂ કરવાથી.

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 10)**

37. પથ્થર
38. વૃક્ષની છાલ
39. પ્રાકૃતિક
40. વિંધ્ય
41. 500
42. 12,000
43. ચક્ર (પૈડુ )
44. પથ્થર
45. નદીકિનારા
46. માટલા અને ઘડા .
47. પથ્થરો
48. મેહરગઢ
49. ઉત્તર પ્રદેશ
50. મહાગઢા
51. લાંઘણજ
52. કશ્મીર
53. મેહરગઢ
54. લંબચોરસ
55. ઇનામગામ

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 13)**

56. ખોટું (False)
57. ખરું (True)
58. ખોટું (False)
59. ખરું (True)
60. ખોટું (False)
61. ખરું (True)
62. ખોટું (False)
63. ખરું (True)
64. ખોટું (False)
65. ખોટું (False)
66. ખોટું (False)
67. ખરું (True)
68. ખોટું (False)
69. ખરું (True)
70. ખોટું (False)
71. ખોટું (False)
72. ખોટું (False)

BHAVDIP VADHER

73. ખરૂં (True)

74. ખરૂં (True)

75. ખોટું (False)

76. ખરૂં (True)

77. ખરૂં (True)

78. ખરૂં (True)

79. ખોટું (False)

80. ખોટું (False)

81. ખરૂં (True)

**4 જોડકા જોડો** **(Marks - 1)**

82. (1 - 4), (2 - 3), (3 - 1), (4 - 5), (5-2).

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 19)**

83. આદિમાનવો ઘઉં, જવ, બાજરી, ચોખા, મસૂર વગેરે પાકો ઉગાડતા હતા.

84. આદિમાનવો કૂતરાં, ઘેટાં-બકરાં, ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓ પાળતા હતા.

85. આદિમાનવની શરૂઆતની અવસ્થાને "Hunter and Gatherers' (શિકાર કરવો અને એકઠું કરવું) કહેવામાં આવે છે.

86. આદિમાનવો હરણ જેવાં જંગલી પ્રાણીઓ તથા માછલીઓ અને પક્ષીઓનો શિકાર કરીને, તેમજ કંદમૂળ અને ફળોને એકઠાં કરીને ખોરાક મેળવતા.

87. આદિમાનવ ખોરાકની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતો રહેતો હતો.

88. ભારતમાં આદિમાનવના વસવાટનાં સ્થળો પુરાતત્ત્વશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રીઓ અને ઇતિહાસકારોએ શોધી કાઢ્યાં હતાં.

89. ઘણી ઝેરી વનસ્પતિઓ ખાવાથી મનુષ્યોનાં મૃત્યુ થતાં હતાં. આ પરથી ભટકતા જીવન દરમિયાન આદિમાનવ ફળો અને કંદમૂળ વિશે જાણકારી મેળવતો થયો હતો.

90. આદિમાનવો પથ્થરનાં, લાકડાના અને હાડકાંનાં હથિયારો અને ઓજારોનો ઉપયોગ કરતા હતા.

91. આદિમાનવો પથ્થરનાં, લાકડાના અને હાડકાંનાં હથિયારો અને ઓજારોનો ઉપયોગ કરતા હતા.

92. પાષાણયુગીન હથિયારોનો ઉપયોગ વનસ્પતિને કાપવા તેમજ પ્રાણીઓને ચીરીને તેમની ચામડી કાઢવામાં કરવામાં આવતો.

93. જ્યાં સારા અને મોટા પ્રમાણમાં પથ્થરો, લાકડી અને પાણી મળી રહે તેવા સ્થળોએ આદિમાનવો રહેવાનું પસંદ કરતા.

94. ભીમબેટકાની ગુફાઓમાં પક્ષીઓ, હરણાં, લાકડાના ભાલા, વૃક્ષો અને માનવોનાં લગભગ 500 ચિત્રો મળી આવ્યાં છે.

95. વિંધ્ય પર્વતમાળામાં નર્મદા નદીની આસપાસના પ્રદેશોમાંથી પ્રાકૃતિક ગુફાઓ મળી આવી છે.

96. દક્ષિણ ભારતમાં આવેલા કરનુલમાંથી રાખના અવશેષો મળ્યા છે. એ પરથી કહી શકાય કે આદિમાનવો અગ્નિથી પરિચિત હશે.

97. આદિમાનવના જીવનમાં આ બે શોધોએ મહત્ત્વનું પરિવર્તન કર્યું : (1) અગ્નિ અને ( 2 ) ચક્ર (પૈડું) .

98. આદિમાનવ અગ્નિનો આ પ્રમાણે ઉપયોગ કરતા હતા : ( 1 ) શિકાર કરીને લાવેલાં પ્રાણીઓના માંસને શેકવામાં (પકવવામાં), (2 ) પોતાની ગુફામાં અજવાળું કરવા માટે અને (3) ગુફા આગળ તાપણું કરીને જંગલી પ્રાણીઓને ભગાડવા માટે.

99. વૃક્ષના થડ અને તેના જાડા લાકડામાંથી આદિમાનવ સૌપ્રથમ ચક્ર પૈડું) બનાવતાં શીખ્યો હતો.

100. વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવતાં હરણ, ઘેટાં-બકરાં જેવાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધવા લાગી હતી.

101. આજથી આશરે 12,000 વર્ષ પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવ્યું. પરિણામે દુનિયાનાં અનેક ક્ષેત્રોમાં તાપમાન વધતાં વનસ્પતિ અને ઘાસનાં ક્ષેત્રો ઊભાં થયાં.

102. આદિમાનવ ધાન્ય ઉગાડવા પથ્થરનો ઉપયોગ કરતો હતો.

103. ગુફાવાસી જીવન પછી આદિમાનવ ધાન્ય ઊગતું હોય તેની આસપાસ ગારા-માટી અને ઘાસથી બનાવેલાં મકાનોમાં રહેતો હતો.

BHAVDIP VADHER

104. આદિમાનવ કૂતરાં, ઘેટાં-બકરાં, ગાય અને ભેંસ, ભૂંડ વગેરે પાલતુ પ્રાણીઓ સાથે રહેતો હતો.

105. કૃષિ અને પશુપાલનની પ્રવૃત્તિઓના કારણે આદિમાનવના ભટકતા જીવનનો અંત આવ્યો.

106. ભટક્તા જીવનના અંત પછી આદિમાનવના જીવનમાં ખોરાક, પોશાક અને રહેઠાણમાં વ્યાપક પરિવર્તન આવ્યાં.

107. આદિમાનવ પથ્થરમાંથી ખૂરપી, છીણી, દાતરડાં જેવાં ખેતીનાં ઓજારો બનાવતો હતો.

108. પુરાતત્ત્વશાસ્ત્રીઓએ આદિમાનવની વસાહતોનાં બુર્જહોમ, ગુલાલ, હુરંગી, મેહરગઢ, લાંઘણજ, ભીમબેટકા વગેરે સ્થળો શોધ્યાં હતાં.

109. સ્થાયી થયેલા આદિમાનવનો ખોરાકમાં ઘઉં, જવ અને પશુઓના માંસ તથા માલી તેમજ કંદમૂળ અને ફળો વગેરે હતાં.

110. મેહરગઢ અને ઇનામગામ જેવાં પુરાતન સ્થળોએથી મળેલા અવશેષોના આધારે આદિમાનવની ખેતીની માહિતી જાણવા મળે છે.

111. મેહરગઢ હાલ પાકિસ્તાનમાં આવેલું છે.

112. બાળકોના મૃતદેહોના અવશેષો મહારાષ્ટ્રના ઇનામગામ નામના પુરાતન સ્થળેથી મળી આવ્યા છે.

113. મેહરગઢમાં મળી આવેલાં ઘરો લંબચોરસ હતાં. તે ઘરોમાંથી અનાજનો સંગ્રહ કરવાના નાના કોઠારો મળી આવ્યા છે.

114. મેહરગઢમાં મળી આવેલાં ઘરો લંબચોરસ હતાં. તે ઘરોમાંથી અનાજનો સંગ્રહ કરવાના નાના કોઠારો મળી આવ્યા છે.

115. મેહરગઢમાં મનુષ્યના શબની સાથે બકરીને દફનાવવામાં આવી હોવાનો પુરાવો મળ્યો છે. આ બાબત મનુષ્યના મૃત્યુ પછીના જીવનની કલ્પના કે માન્યતા સૂચવે છે,

116. મહારાષ્ટ્રના ઇનામગામમાં મળી આવેલા અવશેષોના આધારે કહી શકાય કે, આ સમયના લોકો ગોળ ઘરોમાં રહેતા હતા, પશુપાલન કરતા હતા તથા બાજરી અને જવ જેવાં અનાજ પકવતા હતા.

117. ભીમબેટકાની ગુફા મધ્ય પ્રદેશ રાજ્યમાં આવેલી છે.

118. પથ્થરની ટેકનોલોજી સાથે સંકળાયેલા માનવીનો સમયકાળ એટલે પાષાણ યુગ.

119. આદિમાનવ એટલે ખૂબ જ જૂના સમયના માનવો.

120. ભૂતકાળની માહિતીનું સંશોધન કરનારાઓને પુરાતત્ત્વશાસ્ત્રીઓ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેઓ Archaeologist કહેવાય છે.

**6 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 8)**

121. આદિમાનવ શરૂઆતમાં ખોરાકની શોધમાં ભટકતું જીવન જીવતો હતો. લગભગ 12,000 વર્ષો પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવતાં વનસ્પતિ અને ઘાસનાં ક્ષેત્રો ઊભાં થયાં, પરિણામે ધીમે ધીમે કૃષિ અને પશુપાલનની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. કૃષિ માટે સ્થળોને છોડીને જઈ શકાતું નહોતું, કારણ કે પાકને ઊગતાં થોડો સમય લાગે છે. તેને પાણીની જરૂર પડે છે. પાક તૈયાર થયા બાદ અનાજીના છોડને કાપીને તેમાંથી અનાજ કાઢવું પડે છે. આ પ્રક્રિયા માટે એક સ્થળે રોકાવું પડે. ઘઉં, જવ અને બાજુરી જેવાં ધાન્યો આદિમાનવનાં ખોરાક માટે ઉપયોગી બન્યાં હતાં. પશુપાલન માટે તેણે આયોજન શરૂ કર્યું હતું. આમ, ખેતી અને પશુપાલનની જરૂરિયાત ઊભી થતાં આદિમાનવના સ્થાયી જીવનની શરૂઆત થઈ હતી.

122. અગ્નિના ઉપયોગથી આદિમાનવના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. અગ્નિની શોધ પછી આદિમાનવ નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓમાં અગ્નિનો ઉપયોગ કરવા લાગ્યો : (1) શિકાર કરીને લાવેલાં પ્રાણીઓનું માસ પકવવા માટે, ( 2) પોતાની ગુફામાં અજવાળું કરવા માટે, ( 3) ગુફા આગળ અગ્નિનું તાપણું કરીને જંગલી પ્રાણીઓને ભગાડવા માટે. ( 4) ઠંડી સામે રક્ષણ મેળવવા માટે.

123. આદિમાનવ હરણ, ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓનો શિકાર કરીને તેમજ કંદમુળ અને ફળોને એકઠાં કરીને ખોરાક મેળવતો. ખોરાક મેળવવામાં જંગલી પ્રાણીઓના હુમલાનો સામનો કરવો પડતો. વળી, કેટલાંક પ્રાણીઓ દોડવામાં ઝડપી હોવાથી હાથમાં આવતાં નહિ એટલે એમની પાછળ દોડવું પડતું. હરસ, ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓ સરળતાથી મારી શકાતાં હોવાથી તેમને શોધવા આદિમાનવ ભટકતા રહેતા. આ ઉપરાંત, પાણીની જરૂરિયાત માટે પાણી મળી રહે તેવી જગ્યાઓ શોધવાની હતી. આમ, ખોરાક, પાણી અને રહેઠાણની શોધમાં આદિમાનવ ભટકતું જીવન જીવતો હતો.

124. આદિમાનવ પથ્થર, લાકડાં અને ક્યારેક હાડકાંનાં ઓજારો બનાવતો હતો. આદિમાનવ પથરનાં ઓજારોનો ઉપયોગ વનસ્પતિને કાપવા અને પ્રાણીઓને ચીરીને તેમની ચામડી કાઢવામાં કરતો. એ ચામડીમાંથી તે પોતાના શરીરને ઢાંકવા માટે પોશાક બનાવતો. પથ્થરમાંથી તે ખૂરપી, છીણી, દાંતરડાં જેવાં ખેતીના ઓજારો પણ બનાવતો હતો.

BHAVDIP VADHER

125. મધ્ય પ્રદેશમાં નર્મદા નદીના ખીણ પ્રદેશમાં ભીમબેટકા નામની ગુફા મળી આવી છે. તે આદિમાનવના વસવાટનું એક પુરાતન ઉત્તમ સ્થળ છે, ભીમબેટકાની ગુફાઓમાં આદિમાનવે દોરેલાં પક્ષીઓ, હરણ, લાકડાંના ભાલા, વૃક્ષો તેમજ માનવોનાં લગભગ 500 જેટલાં ચિત્રો મળી આવ્યાં છે. આ તમામ ચિત્રો પ્રાકૃતિક રંગો વડે ઘેરેલાં છે.

126. ( 1) આદિમાનવ શિકારી અને ભટકતું જીવન જીવતો હતો ત્યારે હરસ અને ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓનો શિકાર કરીને તેમનો ખોરાક તરીકે ઉપયોગ કરતો. ( 2) તેમનાં ચામડાંનો ઉપયોગ તે શરીરને ઢાંકવા માટે કરતો. ( 3) તે પ્રાણીઓને મિત્રો બનાવ્યાં. કૂતરો આદિમાનવનો પ્રથમ સાથીદાર બન્યો હતો. (4) આદિમાનવે કેટલાંક પ્રાણીઓને પાલતુ બનાવ્યાં. પરિનામે પશુપાલનની પ્રવૃત્તિ શરૂ થઈ.

127. શરૂઆતના સમયમાં આદિમાનવો ભટક્ત જીવન જીવતા હતા. તેઓ જ્યાં હરણ, પેર્ય-બકરાં જેવાં પ્રાણીઓ અને પાણી મળી જાય તેવાં સ્થળો શોધતા, આથી જ્યાં સારા અને મોટા પ્રમાણમાં પથ્થરો, લાકડાં અને પાણી મળી રહે તેવા સ્થળોએ તેઓ રોકાતા. અહીં હિંસક પ્રાણીઓ અને વરસાદથી પોતાનું રક્ષણ કરવા તેઓ પ્રાકૃતિક ગુફામાં રહેતા હતા.

128. શિકારી અને ભટકતું જીવન જીવતા આદિમાનવનું જીવન પથ્થર સાથે જોડાયેલું હતું. તેનાં હથિયારો અને ઓજારો પથ્થરનાં હતાં, તેની ગુફાઓ પણ પથ્થરની હતી. આમ, આદિમાનવ પથ્થરની ટેકનોલૉજી સાથે સંકળાયેલો હોવાથી તેના સમયને પાષાણ યુગ કહેવામાં આવે છે.

**7 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 9)**

129. મેહરગઢ પ્રાચીન ભારતનું સૌથી પુરાતન ગામ છે, તે હાલમાં પાકિસ્તાનમાં આવેલું છે. અહીંથી ઘઉં અને જવની ખેતીની શરૂઆત થઈ હતી. અહીંના લોકો ઘેટાં-બકરાં પાળતા, ખેતી કરતા અને અનાજનો સંગ્રહ કરતા. અહંધી પ્રાણીઓનાં હાડકાં પણ મળી આવ્યાં છે. મેહગઢંના લોકો લંબચોરસ ઘરોમાં રહેતા હતા. એ ઘરોમાંથી અનાજ સંગ્રહ કરવાના નાના કોતરો પણ મળી આવ્યા છે. મેહરગના લોકો શબને માન-સમ્માનથી દફનાવતા હતા. એક સ્થળે મનુષ્યના શબની સાથે બકરીને પર્વ દફનાવી હોવાનો પુરાવો મળ્યો છે. આ બાબત તેમના મૃત્યુ પછીના જીવનની કલ્પના કે માન્યતા દર્શાવે છે.

130. આદિમાનવ હરણ, ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓનો શિકાર કરીને તેમજ કંદમુળ અને ફળોને એકઠાં કરીને ખોરાક મેળવતો. ખોરાક મેળવવામાં જંગલી પ્રાણીઓના હુમલાનો સામનો કરવો પડતો. વળી, કેટલાંક પ્રાણીઓ દોડવામાં ઝડપી હોવાથી હાથમાં આવતાં નહિ એટલે એમની પાછળ દોડવું પડતું. હરસ, ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓ સરળતાથી મારી શકાતાં હોવાથી તેમને શોધવા આદિમાનવ ભટકતા રહેતા. આ ઉપરાંત, પાણીની જરૂરિયાત માટે પાણી મળી રહે તેવી જગ્યાઓ શોધવાની હતી. આમ, ખોરાક, પાણી અને રહેઠાણની શોધમાં આદિમાનવ ભટકતું જીવન જીવતો હતો.

131. અગ્નિના ઉપયોગથી આદિમાનવના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. અગ્નિની શોધ પછી આદિમાનવ નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓમાં અગ્નિનો ઉપયોગ કરવા લાગ્યો :
(1) શિકાર કરીને લાવેલાં પ્રાણીઓનું માસ પકવવા માટે, ( 2) પોતાની ગુફામાં અજવાળું કરવા માટે, ( 3) ગુફા આગળ અગ્નિનું તાપણું કરીને જંગલી પ્રાણીઓને ભગાડવા માટે. ( 4) ઠંડી સામે રક્ષણ મેળવવા માટે.

**8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 10)**

132. આશરે 12,000 વર્ષ પહેલાં વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવવાથી વિશ્વનાં અનેક ક્ષેત્રોમાં તાપમાનમાં વધારો થયો. પરિણામે પૃથ્વી પર ઘણો ફેરફાર થયો, જે આ મુજબ છે : (1) વિશ્વમાં ઘણી જગ્યાએ ઘાસનાં ક્ષેત્રો ઊભાં થયાં. પરિણામે હરણ, ઘેટાં અને બકરાં જેવાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધી.(2) તૃણાહારી પ્રાણીમાં આદિમાનવોને અનેક રીતે ઉપયોગી હતાં. આથી તેઓ આવાં પ્રાણીઓની રીતભાતનો અભ્યાસ કરવા લાગ્યા. (3) વાતાવરણના ફેરફારના કારણે ઘાસ, વૃક્ષ અને વનસ્પતિની સાથે ઘઉં, જવ જેવા ધાન્યો ઊગવા લાગ્યાં. (4) આવા પાકો ઉપયોગી જણાતાં આદિમાનવો કુતૂહલવૃત્તિથી અનાજના દાસા એકઠી કરીને વાવવા લાગ્યા. એટલે કે ભારતમાં ખેતીની શરૂઆત થઈ, (5) ખેતીની શરૂઆત થતાં ખેતરોની આસપાસ આદિમાનવો માટી-ઘાસનાં કાચો મકાનો બનાવી રહેવા લાગ્યા. (6) સ્થાયી થયેલા આદિમાનવોનો પ્રથમ સાથીદાર કૂતરો હતો. આ સિવાય ગાય, ભેંસ અને બળદ જેવાં પાલતુ પ્રાણીઓ સાથે તેઓ રહેવા લાગ્યા અને તેમનું હિંસક પ્રાણીઓથી રક્ષણ કરવા લાગ્યા.

133. આદિમાનવ શરૂઆતમાં ખોરાકની શોધમાં ભટકતું જીવન જીવતો હતો. લગભગ 12,000 વર્ષો પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવતાં વનસ્પતિ અને ઘાસનાં ક્ષેત્રો ઊભાં થયાં, પરિણામે ધીમે ધીમે કૃષિ અને પશુપાલનની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. કૃષિ માટે સ્થળોને છોડીને જઈ શકાતું નહોતું, કારણ કે પાકને ઊગતાં થોડો સમય લાગે છે. તેને પાણીની જરૂર પડે છે. પાક તૈયાર થયા બાદ અનાજીના છોડને કાપીને તેમાંથી અનાજ કાઢવું પડે છે. આ પ્રક્રિયા માટે એક સ્થળે રોકાવું પડે. ઘઉં, જવ અને બાજરી જેવાં ધાન્યો આદિમાનવનાં ખોરાક માટે ઉપયોગી બન્યાં હતાં. પશુપાલન માટે તેણે આયોજન શરૂ કર્યું હતું. આમ, ખેતી અને પશુપાલનની જરૂરિયાત ઊભી થતાં આદિમાનવના સ્થાયી જીવનની શરૂઆત થઈ હતી.

BHAVDIP VADHER

9 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો (Marks - 2)

134. આશરે 12,000 વર્ષ પહેલાં વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવવાથી વિશ્વનાં અનેક ક્ષેત્રોમાં તાપમાનમાં વધારો થયો. પરિણામે પૃથ્વી પર ઘણો ફેરફાર થયો, જે આ મુજબ છે :
(1) વિશ્વમાં ઘણી જગ્યાએ ઘાસનાં ક્ષેત્રો ઊભાં થયાં. પરિણામે હરણ, ઘેટાં અને બકરાં જેવાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધી.(2) તૃણાહારી પ્રાણીમાં આદિમાનવોને અનેક રીતે ઉપયોગી હતાં. આથી તેઓ આવાં પ્રાણીઓની રીતભાતનો અભ્યાસ કરવા લાગ્યા. (3) વાતાવરણના ફેરફારના કારણે ઘાસ, વૃક્ષ અને વનસ્પતિની સાથે ઘઉં, જવ જેવા ધાન્યો ઊગવા લાગ્યાં. (4) આવા પાકો ઉપયોગી જણાતાં આદિમાનવો કુતૂહલવૃત્તિથી અનાજના દાસા એકઠી કરીને વાવવા લાગ્યા. એટલે કે ભારતમાં ખેતીની શરૂઆત થઈ, (5) ખેતીની શરૂઆત થતાં ખેતરોની આસપાસ આદિમાનવો માટી-ઘાસનાં કાચો મકાનો બનાવી રહેવા લાગ્યા. (6) સ્થાયી થયેલા આદિમાનવોનો પ્રથમ સાથીદાર કૂતરો હતો. આ સિવાય ગાય, ભેંસ અને બળદ જેવાં પાલતુ પ્રાણીઓ સાથે તેઓ રહેવા લાગ્યા અને તેમનું હિંસક પ્રાણીઓથી રક્ષણ કરવા લાગ્યા.

BHAVDIP VADHER